અમદાવાદનાં મે.એડીશનલ સેશન્સ જજસાહેબશ્રીની અદાલતમાં,
(અદાલત નં. ૨૮)
ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૫૨/૨૦૨૬

| | |
|---|---|
| અરજદારઃ- | ઇમરાન ઉર્ફે ઇમુ મોહંમદઇસ્લામ શેખ,<br>ઉ.વ.આ.૩૩, ધંધો.છુટક મજુરી,<br>રહે. મથુરા ભવન પાસે, ટોલનાકા, રાજપુર,<br>ગોમતીપુર, અમદાવાદ.<br>(હાલ. સાબરમતી મધ્યસ્થ જેલમાં) |
| વિરૂદ્ધ | |
| સામાવાળાઃ- | શ્રી સરકાર |

અરજદાર તરફે વિ.વ.શ્રી એમ. એમ. શેખ
સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એચ.આર.શાહ

-:: આંક-૧ નીચે હુકમ ::-

૧. અરજદાર આરોપી વિરૂદ્ધ ગોમતીપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૪૦૯૯૧/૨૦૨૪, બી. એન. એસ. કલમ ૧૦૯(૧), ૧૧૭(૨), ૩૩૨(બી), ૧૧૫(૨), ૩૨૪(૨), ૩૫૧(૨), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે જેથી અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે હાલની રેગ્યુલર જામીન માટેની અરજી કરેલ છે.

૨. અરજી દાખલ થતા સામાવાળા-સ્ટેટ ઓફ ગુજરાતને વિ. એડી. પબ્લિક પ્રોસીકયુટરશ્રી મારફતે નોટીસ બજાવવામાં આવેલ છે. સામાવાળા-સ્ટેટ ઓફ ગુજરાત તરફે વિ.એડી.પી.પી.શ્રી એચ.આર.શાહ હાજર થયેલ છે અને તપાસ કરનાર અમલદાર દ્વારા આંક-૫ થી એફીડેવીટ રજુ રાખેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એમ.એમ.શેખનાઓએ અરજીમાં જણાવેલ હકીકતોના પુનરોચ્ચાર સ્વરુપની મૌખીક દલીલ કરેલ છે. તેઓની મુખ્યત્વે દલીલ એવી છે કે, સદર આરોપી સામે સેશન્સ કેસ નં.૮૪/૨૦૨૫ નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના

અરજદાર/આરોપી સામે થયેલ એફ.આઇ.આર. વંચાણે લેતા ફરિયાદપક્ષે કરેલ આક્ષેપ સાબિત થઇ શકે તેમ નથી. વધુમાં ફરિયાદણની રેકર્ડ પરની આંક-૧૯વાળી જુબાની ધ્યાને લેતાં તેઓની જુબાનીથી સ્પષ્ટ થાય છે કે, અરજદારને રાશીદ ઉર્ફે કલેજા (ગુજરનારને) કોઇ ઇજા પહોંચાડેલ નથી તથા ડોક્ટરશ્રીના પુરાવા વંચાણે લેતાં અરજદાર સામે કોઇ જ ગુન્હો બનતો નથી. સદર અરજદાર/આરોપી યુવાન વયના હોય અને પરિવાર સાથે રહેતા હોય ક્યાંય નાસીભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી ખાત્રી આપે છે કે તેઓને જામીન મુકત કરતી વખતે અદાલત દ્વારા ફરમાવવામાં આવશે તેવી તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવા માટે તૈયાર અને ખુશી છે જેથી હાલની બીજી વારની નિયમિત જામીન અરજી મંજુર કરવા માટે વિનંતી કરેલી છે.

૪. સામાવાળા/શ્રી સરકાર તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી એચ.આર.શાહ હાજર થઇ આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આરોપ હોય, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ, આરોપીના રેગ્યુલર જામીન નામંજૂર કરવાની ભારપૂર્વક વિનંતી કરેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા આંક-૫થી લેખિત વાંધા જવાબ રજુ કરેલ છે.

૫. બંને પક્ષકારો તર્ફે થયેલ રજુઆતો અને સેશન્સ કેસ નં.૮૪/૨૦૨૫ નું રેકર્ડ વંચાણે અને ધ્યાને લીધું. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એમ.શેખે એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપી વિરુદ્ધ સદર ગુનાના કામે ફરિયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમાં સદર અરજદાર/આરોપીએ સદર ગુનો કરેલ ન હોય તેવું સ્પષ્ટ જણાઇ આવે છે અને ડોક્ટરશ્રીની જુબાનીથી પણ આ ગુનો સાબિત થતો નથી. આમ રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરુદ્ધ આરોપીને દોષિત ઠરાવી શકાય તેવો કોઇ સ્પષ્ટ પુરાવો આવેલ નથી. તેથી આરોપીને જામીન મુક્ત કરવા માગણી કરેલ છે પરંતુ અરજદાર/આરોપી તરફેની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણ કે કયા પુરાવાના આધારે આરોપીને નિર્દોષ ઠરાવી શકાય કે કયા પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવી તે જ્યારે ટ્રાયલ ચાલુ હોય ત્યારે જામીન અરજીના નિર્ણય વખતે નક્કી કરવાનો કોઇ મુદ્દો રહેતો નથી. આથી આરોપીને આ ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરી શકાય નહીં.

૬. વધુમાં આરોપી તરફે તેઓની સુનાવણી દરમ્યાન અત્યાર સુધી

ટ્રાયલ દરમિયાન જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાને વાંચી આરોપી વિરુદ્ધ તે પુરાવો પુરતો ન હોય તે ગ્રાઉન્ડ ઉપર આરોપીને જામીન ઉપર મુક્ત કરવા માટે માગણી કરેલ છે પરંતુ આ તબક્કે આરોપીને જામીન ઉપર મુક્ત કરી શકાય કે કેમ તે નક્કી કરવા માટે આરોપી વિરુદ્ધ કયો સબળ પુરાવો અને કયો નબળો પુરાવો છે તેની ચર્ચાઓ થઇ શકે તેમ નથી. આથી આ ગ્રાઉન્ડ ઉપર પણ આરોપીને જામીન ઉપર મુક્ત કરી શકાય તેમ નથી. આ ઉપરાંત હાલના આરોપીએ અગાઉ ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૯૬/૨૦૨૫થી રેગ્યુલર જામીન મેળવવા માટે આ અદાલત સમક્ષ માગણી કરેલ હતી ત્યારે તે અરજી તળે થયેલ હુકમ મુજબ આરોપીની જામીન અરજી ગુણદોષની ચર્ચા કરી નામંજુર કરવામાં આવેલ હતી. તે નામંજુર થયા બાદ પણ આ કામના અમુક સાહેદોની જુબાની નોંધાયા હોવા માત્રના કારણથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા માટે કોઇ નવુ કારણ પ્રાપ્ત થયેલાનુ માની શકાય નહીં. આ સંજોગોમાં આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની ગંભીરતા અને તેમાં કરવામાં આવેલ સજાની જોગવાઇ ધ્યાને લેતાં આરોપીને જામીન મુક્ત કરવા માટે કોઇ ન્યાયોચિત કારણ જણાઇ આવતુ ન હોઇ તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-હુકમ-**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી ના-મંજુર યાને કે રદ્દ કરવામાં આવે છે.

(૨) સદરહું હુકમની જાણ સંબંધિત પો.સ્ટે. તેમજ જેલ ઓથોરીટીને ઈ-મેઈલથી કરવી.

આ હુકમ આજરોજ તા.૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(સમીર રતિલાલ સાંગાણી)
અધિક સત્ર ન્યાયાધીશ,
સિટી સિવિલ એન્ડ સેશન્સ
કોર્ટ, અમદાવાદ.
જીજે૦૧૦૪૬

PS/NJL